# ગુજરાત રાજ્ય સેવા (તબીબીસારવાર) નિયમો, 1988 અંતર્ગત હૃદયરોગ માટેની રાજ્યની ખાનગી હોસ્પિટલોમાં લીધેલી સારવારનું ખર્ચ રિએમ્બર્સમેન્ટ માટે પાત્ર ગણવા અંગે (28)

આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગ, ઠરાવક્રમાંક : એમએજી-102000-4932-અ

સચિવાલય, ગાંધીનગર, તા. 1-12-2005

*વંચાણે લીધા :*

*(1) આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંક : એમએજી-102000-4932-અ, તા. 9-9-'05.*

*(2) આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંક : એમએજી-1091-યુઓ-181-અ, તા. 2-12-'91*

*(3) આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંક : એમએજી-1093-1825-અ, તા. 11-7-'94.*

*(4) આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંક : એમએજી-2004-2940-અ, તા. 28-12-'04.*

*(5) આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંક : એમએજી-1020003-1001-અ, તા. 26-10-'05.*

*(6) અધિક નિયામકશ્રી, તબીબીસેવાઓ, ગાંધીનગરનો પત્રાંક : ડી-9-માન્યતા-પ્રતિસહી-માર્ગદર્શન-05, તા. 28-10-'05.*

**આમુખ :**

ઉપર આમુખ (1)માં વંચાણે લીધેલા આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગના સરખા ક્રમાંકના તા. 9-9-'05 ના ઠરાવથી ગુજરાત રાજ્ય (તબીબીસારવાર) નિયમો, 1988 હેઠળ હૃદયરોગની સારવાર આપતી રાજ્યની ખાનગી હૉસ્પિટલોમાં આ યોજનાનો લાભાર્થીએ લીધેલ તબીબીસારવારના ખર્ચને તે ઠરાવ સાથે રાખેલ સામાન્ય દરે (કૉમન પેકેજ Common Package) રિએમ્બર્સ કરી આપવાની મંજૂરી આપવામાં આવેલ છે.

ઉપર સંદર્ભ (6) માં જણાવેલ અધિક નિયામકશ્રી (તબીબીસેવાઓ) ગાંધીનગરના તા. 28-10-'05 ના પત્રક્રમાંક : ડી-(તબીબીસારવાર) માન્યતા-પ્રતિસહી માર્ગદર્શન-'05 થી આ બાબતે અત્રે કેટલીક સ્પષ્ટતાઓ કરવા વિનંતી કરવામાં આવેલ છે.

આ અંગે પુખ્ત વિચારણાને અંતે આ વિભાગના ઉપર આમુખ (1)માં દર્શાવેલા તા. 9-9-'05ના ઠરાવના અનુસંધાને નીચે મુજબ સ્પષ્ટતાઓ કરવામાં આવે છે :

(1) આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગના ઉપર આમુખ (2)માં દર્શાવેલા તા. 2-12-'91ના ઠરાવક્રમાંક : એમએજી-1091-યુઓ-181-અ થી અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન સંચાલિત વી. એસ. હૉસ્પિટલ, અમદાવાદને ગુજરાત રાજ્ય સેવા (તબીબીસારવાર) નિયમો, 1988ના લાભાર્થીઓ માટે તબીબીસારવારના ખર્ચ માટે માન્ય ગણવામાં આવેલ છે. જ્યારે આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગના ઉપર આમુખ (3)માં દર્શાવેલ તા. 11-7-'94ના ઠરાવક્રમાંક : એમએજી-1093-1825-અ થી યુ.એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયોલૉજી, અમદાવાદને હૃદયરોગની સારવાર માટે આ યોજનાના

લાભાર્થીઓના કેસમાં આધિકૃત ગણેલ છે. આમ યુ. એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયોલોજી, અમદાવાદ સ્વાયત્ત સંસ્થા હોવા છતાં હૃદયરોગની સારવાર માટે સરકારી હૉસ્પિટલ સમકક્ષ ગણવામાં આવેલ છે. આ સંસ્થા ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થા પણ છે. આ સંજોગોમાં ઉપર જણાવેલ બન્ને હૉસ્પિટલોમાં લીધેલી સારવારનો ખર્ચ ઑપરેશન સમયનો અને તે પછીની ફોલોઅપ સારવાર સહિતનો ખર્ચ સામાન્ય નિયમોનુસાર મળવાપાત્ર બને છે.

(2) ગુજરાત રાજ્ય સેવા (તબીબીસારવાર) નિયમો, 1988 ની જોગવાઇ ક્રમાંક : 11 મુજબ આવી તબીબીસારવાર પૂરી થયાની છ માસની અંદર આ સારવારનાં બિલોને રિએમ્બર્સ કરી આપવાની વિનંતી સાથે તે બિલો કર્મચારીએ નિયંત્રણસત્તાધિકારીને રજૂ કરવાનાં રહે છે. સામાન્ય રીતે ઉપર આમુખ (1)માં જણાવેલા આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગના તા. 9-9-'05નો ઠરાવ રવાના કર્યાની તારીખથી તેની જોગવાઈઓ લાગુ પાડવાની રહે છે. પરંતુ ઉપર જણાવ્યા મુજબ તા. 9-9-'05 પહેલાં આ યોજનાના જે લાભાર્થીએ આ ઠરાવમાં જણાવેલ હૉસ્પિટલમાં હૃદયરોગની સારવાર મેળવી હોય તેવા કેસો પૈકી જે કેસોમાં આ નિયમોના નિયમ નં. 11 મુજબ તબીબીસારવાર પૂરી થયાના છ માસની અંદર તેના નિયંત્રણ ધરાવતા સત્તાધિકારીને આ બિલો મંજૂર કરવાની દરખાસ્ત રજૂ કરી દીધી હોય તેવા અનિર્ણિત કેસો તથા ઉપર જણાવેલા નિયમ નં. 11 મુજબ આવી સારવાર પૂરી થયાના સમય બાદ છ મહિનાની મુદત પૂરી ના થઈ હોય તેવા અનિર્ણિત કેસોને પણ આ જોગવાઈઓ લાગુ પડશે.

વધુમાં આવા કેસો પૈકી જે કેસો સંબંધિત વિભાગ દ્વારા આ ઠરાવ રવાના કર્યાની તારીખથી પહેલા કે પછી આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગને રિફર કરવામાં આવ્યા હોય અને જેમાં અત્રેથી મંજૂરી આપવામાં આવી હોય તેવા સઘળા કેસોને પણ આ વિભાગના ઉપર જણાવેલા તા. 9-9-'05 ના ઠરાવની જોગવાઈઓ લાગુ પડશે. તેથી ઉપર જણાવેલા સઘળા કેસોમા સંબંધિત જિલ્લાના મુખ્ય જિલ્લાતબીબીઅધિકારીએ/સિવિલસર્જનને / નિવાસી તબીબી અધિક્ષક વર્ગ-1 દ્વારા આવી જરૂરી ચકાસણી કરીને નિયમોનુસાર પ્રતિહસ્તાક્ષર કરી આપવાના રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્રસચિવશ્રી (આરોગ્ય)ની તા. 21-11-'05 ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, આર. સી. રાઠોડ

નાયબ સચિવ, આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગ

❀ ❀ ❀